**Workshop (FDP)**

**Date : 07/04/2025**

# ENHANCING SKILLS OF TEACHER EDUCATORS














**તારીખ 07/04/2025 નાં રોજ એક દિવસનો FACULTY DEVELOPMENT PROGRAMME અંતર્ગત "ENHANCING SKILLS OF TEACHER EDUCATORS" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડૉ. ગણપત પટેલે "Digital Presence of a Researcher" વિષય અંતર્ગત સંશોધક માટે ઉપયોગી ડિજિટલ સંસાધનો વિશે અને ડૉ. દુષ્યંત અલગોતર દ્વારા "AI Tool For Teacher Educators" વિષયમાં શિક્ષણમાં AI નું મહત્વ, શિક્ષણ કાર્યમાં શિક્ષકને ઉપયોગી અલગ-અલગ પ્રકારના AI Tool અંગે સમજ આપી હતી  જયારે ડૉ. ચિરાગ દરજી દ્વારા "Teacher Educators & NEP-2020" વિષય અંતર્ગત નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ અતર્ગત શિક્ષણ - પ્રશિક્ષણ ઉપયોગી પાસાઓથી માહિતગાર કર્યા.આ સમગ્ર કાર્યક્રમનું સંકલન પ્રા. પારસ વાઘેલાએ કોલેજના આચાર્યશ્રી ડૉ.ભાવિક એમ.શાહ ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.**

# Workshop (FDP)

**Date : 28/08/2024 to 30/07/2024**

## ESSENTIAL PREPARATION FOR RESEARCH PROJECT












**તારીખ 28/08/2024 થી 30/08/2024 'સુધી "Essential Preparation for Research Project" વિષય પર ત્રણ દિવસીય વર્કશોપનુ આયોજન કરવામાં આવ્યું . જેમાં તજજ્ઞશ્રી ડો. સતીશપ્રકાશ શુક્લા સાહેબે પ્રપોઝલ બનાવતી વખતે શી કાળજી રાખવી, રિસર્ચ પ્રોજેક્ટમાં ખાસ કઈ કઈ બાબતોને ધ્યાનમાં રાખવી અને કેવા પ્રકારના પ્રોજેક્ટ હાથ ધરી શકાય આ તમામ મુદ્દાને ધ્યાનમાં રાખીને ખૂબ જ સરળ ભાષામાં ઉંડાણપૂર્વકની સમજ આપી હતી. આ વર્કશોપમાં કોલેજના તમામ અધ્યાપક મિત્રોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. દરેકે પોતાના પ્રોજેક્ટના વિષય અંતર્ગત તજજ્ઞશ્રી સાથે ઊંડાણપૂર્વક ચર્ચા કરી માર્ગદર્શન મેળવ્યું હતુ.**

**Research Forum** **Date : 03/12/2024 to 10/12/2024**

# સંશોધન સંગોષ્ઠી












ફેકલ્ટી ડેવલોપમેન્ટ માટે અધ્યાપકો સંશોધનની ગતિવિધિથી વાકેફ થાય તેમજ Ph.D.કરતા અધ્યાપકો પોતાના અભ્યાસના પ્રશ્નોની ચર્ચા કરી ઉકેલ મેળવી શકે તે હેતુસર નિયમિતપણે ‘Research Forum’ નું આયોજન કરવામાં આવે છે. આ ‘Research Forum’ અંતર્ગત સંસ્થાના આચાર્યશ્રી ડો. ભાવિક એમ. શાહ સાહેબનાં માર્ગદર્શન હેઠળ “Designing and Conducting Experimental Research in Education" વિષય પર તારીખ : 03-12-2024 થી 10-12-2024 સુધી સંશોધન સંગોષ્ઠી યોજવામાં આવી હતી . જેમાં સંસ્થાના આચાર્યશ્રી ડો. ભાવિક શાહ, ડૉ. નીતા ત્રિપાઠી , ડૉ. સુરેખા પટેલ અને ડૉ. મનિષા જાદવે પ્રાયોગિક સંશોધન અને તેની વિવિધ યોજનાઓ પર પોતાના વિચારો રજૂ કર્યા હતા .